# ધનસુરામાં ઓધવ વિદ્યામંદિર ખાતે સ્વતંત્રતા પર્વની ઉજવણી કરાઈ

ધનસુરા તા ૧૬

અરવલ્લી જિલ્લા ના ધનસુરા માં ઓધવ વિદ્યામંદિર ખાતે સ્વતંત્રતા પર્વની ઉજવણી કરવામાં આવી હતી.અરવલ્લી જિલ્લાના ધનસુરા તાલુકામાં આવેલ શ્રી ઓધવ વિદ્યામંદિર શાળામાં શ્રી કમલેશભાઈ વી.પટેલ (કે.વિ.એન્જિનિયર)ના વરદ હસ્તે ૭૭ માં સ્વતંત્રતા પર્વની ઉજવણી કરવામાં આવી હતી.જેમાં શાળાના વિદ્યાર્થીઓએ સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કર્યા હતા.તેમજ જે વિદ્યાર્થીઓએ વિવિધ ક્ષેત્રમાં વિશિષ્ટ સિદ્ધિઓ મેળવી હતી.તેમને પ્રમાણપત્ર આપી તેમનો ઉત્સાહ વધારવામાં આવ્યો હતો. શાળાનાં પટાંગણમાં નગરના અગ્રણી અને મોટી સંખ્યામાં વાલીમિત્રો હાજર રહ્યા હતા.તેમજ શાળાનાં પ્રમુખશ્રી જગદીશભાઈ એસ પટેલ, ચેરમેનશ્રી પ્રહલાદભાઈ પી પટેલ, સેક્રેટરીશ્રી નરેન્દ્રભાઈ પટેલ, તેમજ શિક્ષણ સમિતિના સભ્યોએ કાર્યક્રમમાં હાજરી આપી કાર્યક્રમની શોભા વધારી હતી શાળાના રાષ્ટ્રીય પર્વના સુંદર આયોજનને બિરદાવી સંચાલક મંડળે શાળાના આચાર્યશ્રી જીજ્ઞેશભાઈ પટેલ,તેમજ શાળાના શિક્ષક મિત્રોને તેમજ વિદ્યાર્થીઓને રાષ્ટ્રીય પર્વની શુભેચ્છાઓ સાથે શુભકામનાઓ પાઠવી હતી.





# ઈડર ખાતે હર્ષોલ્લાસ સાથે ૭૭મા સ્વાતંત્ર્ય પર્વની જિલ્લાકક્ષાની ઉજવણી કલેકટર નૈમેષ દવેની અધ્યક્ષતામાં કરાઈ

બાયડ તા.૧૬

સાબરકાંઠા જિલ્લામાં ૭૭મા સ્વાતંત્ર દિનની જિલ્લાકક્ષાની ઉજવણી જિલ્લા કલેક્ટર અને મેજીસ્ટ્રેટશ્રી નૈમેષ દવેની ઉપસ્થિતિમાં આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ ઇડર ખાતે કરાઈ હતી. આ કાર્યક્રમમાં જિલ્લા કલેક્ટરશ્રીએ જણાવ્યું હતું કે આદિજાતિ સંસ્કૃતિ અને વિવિધતાથી સભર વિજયનગર ઐતિહાસિક વિસ્તારમાં પાલ દઢવાવનો ગોઝારો હત્યાકાંડ આદિવાસીએ આપેલી બલીદાનની ગવાહી છે. ત્યાં તત્કાલિન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ શહિદ વન ખાંભી બનાવીને ઈતિહાસને ઉજાગર કર્યો છે. એવા જ વિજયનગરના કોડીયાવાડા ગામ કે જયાં એક બે નહિ પણ ૧૨૦૦થી વધુ આર્મીના જવાનો ફરજ બજાવી ચુક્યા છે અને હજી મા-ભોમની રક્ષા કાજે બોર્ડર પર તૈનાત છે. જે સૈનિકોના ગામ તરીકે પણ ઓળખ મેળવી ચુક્યું છે. સદા હરિત સાબરકાંઠા પ્રોજેક્ટ હેઠળ જિલ્લા વહિવટી તંત્ર દ્વારા ચાલુ વર્ષે ૫૧ લાખ વૃક્ષોનું વાવેતર કરવાનું નક્કી કરેલ છે. જેમાંથી અત્યાર સુધીમાં ૩૧.૫૮ લાખ રોપાઓનું વિતરણ કરાયું છે.જિલ્લામાં વધુમાં વધુ ખેડૂતો પ્રાકૃતિક ખેતી કરે તે અંગે જણાવ્યું હતું. આયોજન વિભાગ દ્વારા વર્ષ ૨૦૨૩/૨૪ દરમિયાન ૪૪ કરોડની જોગવાઈ સામે ૧૩૪૦ કામો મંજુર કરવામાં આવ્યા છે. વધુમાં તેમણે ઉમેર્યું હતું કે જિલ્લાને રાષ્ટ્રપતિના હસ્તે ભુમિ સન્માન એવોર્ડ મર્યો છે જે જિલ્લા માટે ગૌરવની વાત છે.આ ઉપરાંત પ્રધાનમંત્રી આવાસ યોજના, મનરેગા યોજના, અમૃત સરોવરની કામગીરી, આરોગ્યલક્ષી યોજનાઓ, વ્હાલી દિકરી યોજના, ઉદ્યોગ કેન્દ્રલક્ષી યોજનાઓના લક્ષાકં સામે જિલ્લાએ કરેલી કામગીરીનો ચિતાર આપ્યો હતો. વધુમાં તેમણે ઉમેર્યું હતું કે ૯મી ઓગસ્ટથી સમગ્ર દેશ અને રાજયમાં મેરી માટી, મેરા દેશ અભિયાન શરૂ થયું.જેમાં સાબરકાંઠાના નાગરીકોએ ઉત્સાહભેર ભાગ લઈ આઝાદીના લડવૈયા એવા અનેક નામી- અનામિ વીરોને યાદ કરી વંદન કર્યા હતા. આ કાર્યક્રમમાં જિલ્લા કલેકટરશ્રી દ્વારા પરેડનું નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં રાજય સરકાર દ્વારા વિકાસલક્ષી કાર્યો અર્થે કલેક્ટરશ્રીના હસ્તે ઈડર પ્રાંત અધિકારીશ્રીને ૨૫ લાખનો ચેક અર્પણ કર્યો હતો. જિલ્લાકક્ષાના કાર્યક્રમમાં ઈડરની વિવિધ શાળાઓના વિદ્યાર્થીઓ દ્વારા દેશભક્તિ દર્શાવતા વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં જિલ્લામાં વિવિધક્ષેત્રે શ્રેષ્ઠ કામગીરી કરનાર વ્યક્તિઓનું સન્માન કરવામાં આવ્યું હતું. રાર્ષ્ટ્રગાન બાદ મહાનુભાવો દ્વારા વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં સાંસદશ્રી દિપસિંહ રાઠોડ, ઈડર ધારાસભ્યશ્રી રમણલાલ વોરા, તાલુકા પંચાયત પ્રમુખશ્રી,જિલ્લા વિકાસ અધિકારીશ્રી હર્ષદ વોરા , જિલ્લા પોલીસ વડાશ્રી વિજય પટેલ, અધિક નિવાસી કલેક્ટરશ્રી દિગંત બ્રહ્મભટ, ગ્રામ વિકાસ એજન્સી નિયામકશ્રી પાટીદાર, પ્રયોજના વહીવટદારશ્રી, વિવિધ અગ્રણીશ્રીઓ , અધિકારીશ્રીઓ ,કર્મચારીશ્રીઓ , પોલીસ જવાનો તેમજ મોટી સંખ્યામાં વિધાર્થીઓ અને નગરજનો ઉપસ્થિત રહ્યા હતા.










તલોદ તાલુકાના મોઢુકા ખાતે તાલુકા કક્ષાનો સવતંત્ર દિન ની ઉજવણી મામલતદાર દશરથ સિંહ રાઠોડ ના હસ્તે કરવામાં આવી હતી આપ્રસંગે તાલુકા વિકાસ અધિકારી મૌલિક શર્મા તાલુકા આરોગ્ય અધિકારી ડો વિનોદ મુઘડ, તલોદ પોલીસ સબ ઈન્સ્પેક્ટર બી ડી રાઠોડ જિલ્લા પંચાયત બાંધકામ સમિતિ ના ચેરમેન ભારતીબેન પટેલ ભાજપ અગ્રણી મહેન્દ્રભાઈ પટેલ ઉપરાંત તાલુકા ના કર્મચારીઓ તેમજ મોટી સંખ્યામાં આગેવાનો હાજર રહ્યા હતા.

# ધનસુરા ગ્રામ પંચાયત દ્વારા રાષ્ટ્રીય પર્વ સ્વાતંત્ર દિવસની ઉજવણી






ધનસુરા તા ૧૬

આજ રોજ ધનસુરા ગ્રામ પંચાયત દ્વારા શાળા નંબર ૧ અને શાળા નંબર ૨ માં રાષ્ટ્રીય પર્વ સ્વતંત્ર દિવસ ની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી અને માનભેર રાષ્ટ્રધ્વજને સલામી આપવામાં આવી હતી. આ પ્રસંગે ધનસુરા સરપંચ દ્વારા સરહદે શહીદી વ્હોર્તા વીર જવાનોની ગાથા રજૂ કરી હતી

વીર જવાનો સરહદ ઉપર જે દેશની સેવા કરી રહ્યા છે તેવી જ રીતે સમસ્ત ભારતવાસીઓ પણ જુદી જુદી રીતે દેશની સેવા કરી શકે છે જેવી રીતે સ્વચ્છતા પાણીનો બગાડ શિસ્ત સંયમ ભ્રષ્ટાચાર થી મુક્ત થઈ ભારત માતાની સેવા કરી શકીએ છીએ અને ભારત દેશ ને વિશ્વ ફલક ઉપર નંબર એક ઉપર લાવવા સહિયારો પુરુષાર્થ કરવો જોઈએ દરેકે જુદી જુદી રીતે સહયોગ કરી દેશને આગળ વધવા પુરુષાર્થ કરવો જોઈએ આ બાદ અમૃત સરોવર ઉપર દેશના રિટાયર્ડ જવાનો દ્વારા રાષ્ટ્રધ્વજ ને સલામી આપવામાં આવી હતી આ પ્રસંગે પૂર્વ કમાન્ડો સંજયભાઈએ બોર્ડર ઉપરના વિવિધ પ્રસંગો સાજા કર્યા હતા અને કપરી પરિસ્થિતિમાં દેશની સુરક્ષા માટે દેશની આનબાન શાન માટે જવાનો પોતાની જાનની બાજી લગાવી દેતા હોય છે તેવી જ રીતે દેશના નાગરિકો પોતપોતાની રીતે દેશને સમર્પિત થઈ દેશ માટે પોતાના ગામમાં નાનું મોટું કામ કરી દેશની સેવા કરી શકે છે તો આપણો દેશ વિશ્વની મહાસત્તા બનતો કોઈ અટકાવી શકે તેમ નથી માટે દરેકે પોતાનાથી બનતું દેશહિત માટે નાનું મોટું કામ કરી રાષ્ટ્રહિત માટે કામ કરવું જોઈએ

આ પ્રસંગે શાળા નંબર એક શાળા નંબર બે અને ધનસુરા ગ્રામ પંચાયત સ્ટાફ તથા સભ્યો તથા ધનસુરા ગામના નાગરિકો ખૂબ જ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# મોડાસા દેશભક્તિના રંગે રંગાયું

મોડાસા, તા. ૧૬

૧૫ મી ઓગષ્ટે ભારતવર્ષના ૭૭માં સ્વાતંત્ર પર્વની ઉજવણી સમગ્ર દેશમાં ધામધૂમથી ઉજવણી કરવામાં આવી હતી અરવલ્લી જિલ્લા ના મુખ્યમથક મોડાસા શહેર માં સ્વાતંત્ર પર્વ નિમિત્તે સમગ્ર શહેર રોશનીથી જળહળી ઉઠ્યું હતું.શહેર રહેણાંક વિસ્તારો અને શૈક્ષણિક સંસ્થાઓ સતત દેશભક્તિ ના ગીતો ગુંજી ઉઠતા ૭૭ માં સ્વાતંત્ર પર્વ નો અલભ્ય ઉત્સાહ જોવા મળ્યા હતો.શહેરમાં વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ,સરકારી કચેરીઓ,રાજકીય પક્ષો દ્વારા ૭૭માં સ્વાતંત્ર પર્વની ઉજવણીમાં અનેરો ઉત્સાહ જોવા મળ્યો હતો.



જીલ્લા કક્ષાના ૭૭માં સ્વાતંત્ર પર્વની ઉજવણી ભિલોડા ખાતે જીલ્લા કલેકટર પ્રશસ્તિ પારિકના રાષ્ટ્રીય ધૂનની સુરાવલીઓ વચ્ચે રાષ્?ટ્રના આન-બાન-શાન સમો ગૌરવવંતો ત્રિરંગો લહેરાવી સલામી આપી ધ્?વજવંદન કરાયું હતુ.જેમાં જીલ્લા જીઁ શૈફાલી બારવાલ,જીલ્લા વિકાસ અધિકારી, ભિલોડા ધારાસભ્ય પી.સી.બરંડા અને વહીવટી તંત્રના અધિકારીઓ અને કર્મચારી ઉપસ્થિત રહ્યા હતા જીલ્લમાં સ્વાતંત્ર્ય સેનાની પરિવારજનોને સન્માનિત કરવામાં આવ્યા હતા. મોડાસા શહેરની શૈક્ષણિક સંસ્થાઓ જેવીકે મોડાસા કેળવણી મંડળ,મખદૂમ કેળવણી મંડળ,ઘી.મ.લા.ગાંધી ઉચ્ચતર કેળવણી મંડળ,સરસ્વતી વિદ્યાલય,મદની હાઈસ્કૂલ,ઘી ઘાંચી હાઈસ્કૂલ,કરમિયા ગર્લ્સ હાઈસ્કૂલ ,સરસ્વતી બાલ મંદિર મંડળ,સરકારી કચેરીઓ,જિલ્લા પંચાયત,તાલુકા પંચાયત,ભારતીય જનતા પાર્ટી,મોડાસા શહેર કોંગ્રેસ સમિતિ,મોડાસા માર્કેટ યાર્ડ, અર્ધ સરકારી કચેરીઓ, દ્વારા ૭૭માં સ્વાતંત્ર દિન નિમિત્તે ધ્વજવંદન,અને વૃક્ષારોપણ કરી ઉજવણી કરી હતી.

મોડાસા હાઈસ્કૂલમાં મંડળ પ્રમુખ બિપિન શાહ, મખદૂમ હાઈસ્કૂલમાં સંસ્થાના સેક્રેટરી આરીફ ગુજરાતી,કુલ કિડ્સ સ્કૂલમાં પ્રમુખ સરફરાઝ ટીંટોઈયા, ૬૭ વર્ષ થી સતત શૈક્ષણિક સેવાઓમાં અગ્રેસર અને મધ્યમવર્ગીય અને ગરીબવર્ગના બાળકોમાં ઉચ્ચશિક્ષણ આપતી સરસ્વતી બાલ મંદિર મંડળ ની રત્નદીપ શાખામાં કટલરી કરિયાણા એસો.ના પ્રમુખ રમણ પ્રજાપતિના હસ્તે ધ્વજવંદન કરવામાં આવ્યું હતું સમગ્ર શહેર જાણે દેશભક્તિ ના રંગે રંગાયું હોય તેમ ધંધા રોજગારના સ્થળે અને રહેણાંક વિસ્તારોમાં ધ્વજ જોવા મળ્યા હતા.

# પ્રાંતિજ નગરપાલિકા દ્વારા ૭૭માં સ્વાતંત્ર્ય પર્વ ઉજવણી કરાઈ

પ્રાંતિજ તા.૧૬

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે નગર પાલિકા દ્રારા ૭૭ માં સ્વાતંત્ર્ય પર્વ ની ઉજવણી કરવામા આવી હતી જેમા શાળામાંથી નિવૃત્ત થતા શિક્ષક દ્રારા ધ્વજ વંદન કરવામા આવ્યુ હતુ

પ્રાંતિજ નગર પાલિકા દ્રારા ૭૭ મા સ્વાતંત્ર્ય પર્વ ની ઉજવણી કરવામા આવી હતી જેમા શાળામાંથી નિવૃત્ત થઈ રહેલ શિક્ષક નવીન ભાઈ બી પટેલ દ્રારા ધ્વજ વંદન કરવામા આવ્યુ હતુ તો આ પ્રસંગે નગર પાલિકા પ્રમુખો અરવિંદભાઇ પરમાર, નિત્યાનંદભાઇ બ્રહ્મભટ્ટ, દિપકભાઇ કડીયા, ગીતાબેન પટેલ, ગીરીશભાઈ પટેલ, હાર્દિકભાઇ બ્રહ્મભટ્ટ, વર્ષાબેન, ભગવતી બેન પટેલ તથા શાળાના આચાર્ય, નગરપાલિકાના પૂર્વ કોર્પોરેટરો, નગરપાલિકા કર્મચારીઓ, શાળા સ્ટાફ સહિત વિધાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા અને તિરંગાને સલામી આપી હતી.



## રંગારંગ ઉજવણી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પર્યટન અને તીર્થસ્થાનને જોડવાનું મહત્વપૂર્ણ કાર્ય થઈ રહ્યું છે. અમૃત ભારત સ્ટેશન યોજના અન્વયે, ગુજરાતનાં ૨૧ સહીત દેશના ૫૦૮ રેલ્વે સ્ટેશનનું પુનઃ નિર્માણ થવા જઈ રહ્યું છે. જી-૨૦એ વિશ્વનું એક શક્તિશાળી સંગઠન છે. જી-૨૦નાં યજમાન હેઠળ અત્યારે ગુજરાતમાં અને ભારતમાં યુવા સમિટ, મહિલા સમિટ અને શહેરી સમિટો યોજાઇ રહી છે જેના કારણે આગામી સમયમાં ગુજરાતમાં ઉદ્યોગો, પ્રવાસન, શહેરી વિકાસ, નારી સશક્તિકરણ, શિક્ષણ વગેરે મહત્ત્વના ક્ષેત્રોમાં નિઃસંદેહપણે ફાયદો થવાનો છે.

આ પ્રસંગે મંત્રીશ્રી અને મહાનુભાવોના હસ્તે શ્રેષ્ઠ કામગીરી કરનાર કર્મયોગીઓ અને વિવિધ ક્ષેત્રે જિલ્લાનું નામ રોશન કરનાર વ્યક્તિઓનું સન્માન કરવામાં આવ્યું હતું. મંત્રીશ્રીએ પરેડનું નિરીક્ષણ કર્યું હતું. તેમજ દેશભક્તિ સભર સાંસ્કૃતિક કાર્યક્રમ પણ નિહાળ્યા હતા.

રાષ્ટ્રીય પર્વમાં ગાંધીનગર (ઉ) ધારાસભ્ય શ્રીમતી રીટાબેન પટેલ, જિલ્લા કલેક્ટર શ્રી હિતેષ કોયા, જિલ્લા વિકાસ અધિકારી શ્રી સુરભિ ગૌત્તમ, જિલ્લા પોલીસ વડા શ્રી રવિ તેજા વાસમશેટ્ટી, નિવાસી અધિક કલેક્ટર શ્રી ભરત જોષી સહિત અધિકારી, પદાધિકારીઓ તથા નાગરિકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

## ભવ્ય ઉજવણી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

અને તેમના જ માર્ગદર્શન હેઠળ લોકશાહીના મુલ્યો અને નગરના સર્વાંગી વિકાસનો, સમન્વય સાધી ગાંધીનગર આજે વિશ્વમંચ પર જાણીતું બન્યું છે.

અમિતભાઈ શાહના માર્ગદર્શન હેઠળ વિકાસની સાથે સાથે ‘‘ગાંધીનગર લોકસભા, હરીયાળી લોકસભા"ના આહવાન અંતર્ગત ગાંધીનગર મહાનગરપાલિકા ખુબ મોટા પ્રમાણમાં વૃક્ષારોપણ તેમજ તેનું જતન કરી રહી છે.

ગુજરાતના મૃદુ અને મક્કમ મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલે પણ ગરીબ, વંચિત, પીડિત, શોષિત, મહિલા, ખેડૂત અને મજદૂરને ‘‘સૌનો સાથ, સૌનો વિકાસ’’ના મંત્રને ચરિતાર્થ કરીને ગુજરાત રાજયને વિકાસના દરેક ક્ષેત્રમાં આગળ વધારી રહ્યા છે.

મેયરએ ગાંધીનગર મહાનગરપાલિકાના વિકાસ કાર્યોની વાત કરતા જણાવ્યું હતું કે, ગાંધીનગર મહાનગરપાલિકા શહેરના વિકાસ માટે સતત પ્રયત્નશીલ છે. એટલે જ આપણા પાટનગરની નોંધ આજે આંતરરાષ્ટ્રીય કક્ષાએ લેવાય છે, અને વધુ નામના થાય તે માટે કુડાસણ ટી.પી. ૪ (ચાર) થી સરદાર ચોક તરફના ૩૦ મીટર પહોળા રસ્તાને ‘‘ગૌરવ પથ’’ તરીકે વિકસાવવાનું આયોજન કરવામાં આવી રહ્યું છે.

વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ હંમેશા ‘‘ડીજીટલ ઈન્ડીયા’’ ને પ્રોત્સાહન આપ્યું છે, ત્યારે ગાંધીનગર મહાનગરપાલિકા પણ આમાં જોડાઈને નાગરીકોને ઓનલાઈન વેરો ભરવામાં સરળતા રહે તે માટે નવું સોફ્ટવેર લાગુ કરવા જઈ રહી છે. જેમાં લોકોને વોટ્સએપ દ્વારા બિલની કોપી પણ મળી રહેશે.

આજે ભારત સરકાર દ્વારા દેશની વિધાનસભાઓ ડીજીટલ બની છે, અને ગુજરાત વિધાનસભા પણ ડિજિટલ અને પેપરલેસ બનવા જઈ રહી છે. ત્યારે ગાંધીનગર મહાનગરપાલિકામાં પણ પેપરલેસ કામગીરી માટે મેયર તેમની ગ્રાન્ટ માંથી નગરસેવકોને ટેબલેટ આપશે.

આ પ્રસંગે સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાયો હતા. જેમાં વિવિધ શાળાઓ દ્વારા ભવ્ય કૃતિઓની રજુઆત કરવામાં આવી હતી અને ગાંધીનગર માટે સેવાકીય કાર્ય કરતી સંસ્થાઓ તેમજ વ્યક્તિઓના સન્માન કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં ધારાસભ્યશ્રી રીટાબેન પટેલ, ડેપ્યુટી મેયર પ્રેમલસિંહ ગોલ, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન જશવંતભાઈ પટેલ, શહેર અધ્યક્ષશ્રી રુચિરભાઈ ભટ્ટ, મ્યુનિસિપલ કમિશનર જે. એન. વાઘેલા, ડેપ્યુટી કમિશનર કેયુરભાઈ જેઠવા, શહેર મહામંત્રીશ્રીઓ, પૂર્વ મેયરશ્રીઓ, પૂર્વ ધારાસભ્યશ્રીઓ, કાઉન્સિલરશ્રીઓ, સામાજીક-રાજકીય આગેવાનો, અધિકારીઓ, કર્મચારીઓ તેમજ મોટી સંખ્યામાં નગરજનો ઉપસ્થિત રહ્યા હતા.

## વનતંત્ર પાસે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ગંદકીની સમસ્યા ગંભીર બની છે. જયારે આ સ્થિતિ વચ્ચે નવા રોપાઓની વાવણી અને ઉછેર સામે ખતરો મંડરાયો છે. વનતંત્ર દ્વારા યોગ્ય સમયે વૃક્ષોનુ ટ્રીમીંગ પણ કરવામાં આવતુ નથી જયારે વન વિસ્તારમાં સફાઇ કામગીરી પણ કરવામાં આવતી નથી. હાલ પણ શહેરના વન વિસ્તારમાં વરસાદી દિવસોના લીધે ઠેર ઠેર બિનજરૂરી વન્સપિત ઉગી નિકળી છે. જે હરિયાળી માટે ખતરારૂપ છે. જયારે બીજીતરફ ગાબડાગ્રસ્ત ફેન્સીંગના લીધે ગમે ત્યારે હરિયાળી નિખારવાની આ જગ્યાએ રખડતા ઢોર પણ ઘુસી જાય છે. દબાણો પણ વધતા જાય છે. આ સ્થિત વચ્ચે વનતંત્ર પાસે મેનપાવર અને મશીનરીનો અભાવ હોવાનુ પણ ધ્યાને આવ્યુ છે. બોરીજ રેન્જમાં પણ મજુરોની ઘટ છે. બોરીજ રેન્જમાં શહેરના સે -૧ થી ૩૦ ઉપરાંત ૨૫ જેટલા ગામો સમાવિષ્ટ છે. આ ઉપરાંત ૬ જેટલી નર્સરી પણ છે. ત્યારે મજુરોની ઘટના લીધે વન વિસ્તારની સફાઇ, ટ્રીમીંગ સહીતના કામો હાથ ધરવામાં વિલંબ થઇ રહ્યો છે. જો કે આ સ્થિતિ વચ્ચે વનતંત્રએ કામગીરી કરવાનુ મુશ્કેલ બન્યુ હોવાનુ પણ મનાઇ રહ્યુ છે. ત્યારે મજુરોની ઘટના લીધે નાના મોટા અનેક કામ કરવામાં અડચણ ઉભી થાય છે. વનતંત્રમાં બોરીજ રેન્જને અનુલક્ષીને હાલ ૩૦ જેટલા મજુરો જ છે. જયારે ૨૨ મજુરોની ઘટ છે. જો કે મજુરોની ઘટ વચ્ચે કાર્યરત રહેતા વનતંત્ર દ્વારા આઉટ સોર્સિંગથી કામ ચલાવામાં આવે છે. જેમાં જરૂર મુજબ આઉટ સોર્સિંગથી મેન પાવરને રોકીને કામગીરી પુર્ણ કરવામાં આવે છે.

## વિલંબ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

નિવાસને અનુલક્ષી નવા ફલેટ ટાઇપ આવાસો બાંધવા માટેની યોજનાનુ કામ પણ શરૂ કરી દેવામાં આવ્યુ છે. જયારે પાંચ દાયકાના અંતે કંગાળ અને જોખમી બનેલા વિવિધ કક્ષાના સરકારી આવાસો સંદર્ભે અગાઉ તંત્ર દ્વારા સર્વે હાથ ધરવામાં આવ્યો હતો જયારે હાલની સ્થિતિએ શહેરમાં અંદાજિત ૫૫૦૦ જેટલા જોખમી મકાનો છે. આ આવાસો તોડવા માટે પણ ડિઝાઇન સર્કલના અભિપ્રાયના અંતે મંજુરી આપવાની પ્રક્રીયા હાથ ધરવામાં આવી છે. શહેરના સે- ૬, ૭ અને સે- ૨૯ તેમજ સે- ૩૦ માં નવા ટાવરોનુ પણ નિર્માણ કરવામાં આવ્યુ છે. જયારે આ ટાવર કોલોની અન્વયે સરકારી કર્મચારીઓને સુવિધાયુક્ત આવાસો ઉપલબ્ધ થયા છે. અત્યાર સુધીમાં તબક્કાવાર અંદાજિત .. આવાસો બાંધવામાં આવ્યા છે. નવા મકાનોમાં કર્મચારીઓ તેમજ તેમના પરિવારોનો વસવાટ પણ છે. જયારે અગાઉ મુખ્યમંત્રી કક્ષાએથી નવા આવાસો બાંધવા માટે પણ જાહેરાત કરવામાં આવી હતી. શહેરમાં આવાસોની ઘટ છે. જેના લીધે કર્મચારીઓને સરકારી મકાન ફાળવવાનુ મુશ્કેલ બન્યુ છે. એકબાજુ જોખમી મકાનોની સંખ્યા વિશેષ છે ત્યારે કેટલાક મકાનો રીનોવેશન હેઠળ પણ આવરી લેવામાં આવ્યા છે. ત્યારે આવાસની ઘટ વચ્ચે સરકારી ચોપડે આવાસ ઇચ્છુક કર્મચારીઓની પ્રતિક્ષા યાદી મોટી બનતી જાય છે. આ સ્થિતિ વચ્ચે જુના અને જોખમી મકાનો તોડવામાં આવ્યા બાદ સેકટરોમાં ખુલ્લી થયેલી જગ્યાને ધ્યાનમાં રાખી નવા આવાસો બાંધવાની યોજના આખરી કરવામાં આવતી હોય છે. હવે નવા આવાસો બાંધવા માટે પણ છેલ્લા એક વર્ષથી કાગળ પર આયોજન કરવામાં આવી રહ્યુ છે. અગાઉ આ મામલે ઉચ્ચ કક્ષાએ પ્રેઝન્ટેશન પણ કરવાનુ નક્કી કરવામાં આવ્યુ હતુ જો કે ખાલી જગ્યાનો ચિતાર રજુ કરવાના અંતે પણ હજુ સુધી સાઈટ આખરી થઇ નથી અગાઉ પ્રાથમિક તબક્કે સે- ૨૨ માં નવા આવાસો બાંધવા માટે પણ વિચારણા હાથ ધરવામાં આવી હતી જો કે આ વિચાર હાલ પડતો મુકાયો હોવાની વાત પણ સામે આવી છે. શહેરના જુના સેકટરોમાં જ આવાસો માટે સાઈટ નક્કી કરવામાં આવશે આ મામલે ટુંકમાં નિર્ણય લેવામાં આવશે જેમાં સે- ૨૮ કે ૨૯ માં વધુ નવા આવાસો બાંધવાનુ આયોજન કરવામાં આવે તેવી પણ સંભાવના છે. બીજીતરફ જે સેકટરોમાંથી મોટાભાગના સરકારી આવાસોનો નિકાલ કરી દેવાયો છે. અલબત ખાલી કરી દેવાયા છે. તેવા વિસ્તારમાં પણ નવા મકાનો

## સર્વે કર્યો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કરવામાં આવી રહી છે. કોર્પોરેશનની આરોગ્ય ટીમ દ્વારા બાંધકામ સાઈટ તેમજ અન્ય કોર્મશિયલ વિસ્તારમાં પણ મચ્છરોના પોરાની તપાસ કરવામાં આવી રહી છે. જયારે મચ્છર ઉત્પત્તિ સ્થાનો મળી આવે તેવા કિસ્સામાં જવાબદારને નોટીસ પણ આપવામાં આવે છે. અત્યાર સુધી કન્સ્ટ્રકશન સાઈટની સ્થળ તપાસના અંતે નોટીસ પણ આપવામાં આવી છે. જયારે આકરો દંડ પણ વસુલામાં આવ્યો છે. આરોગ્ય તંત્રની ટીમે આજે પણ શહેરની સરકારી અને ખાનગી હોસ્પિટલો ઉપરાંત શાળા કોલેજોમાં વાહકજન્ય રોગચાળાને અનુલક્ષી સર્વે હાથ ધરવામાં આવ્યો હતો. જયારે આ દરમિયાન મચ્છરોના પોરા મળી આવતા ઉદય ભાણજી કોલેજ, આદિવાડા પ્રાથમિક શાળા, સે- ૨ સરકારી પ્રાથમિક શાળા, ગુજરાત નેશનલ લો યુનિવર્સિટી , રાંદેસણ સ્વામિનારાયણ ધામ બી પી એસ સ્કુલ રાંદેસણને નોટીસ આપવામાં આવી હતી. જયારે આ દરમિયાન વિવિધ કોર્મશિયલ અને રહેણાંક વિસ્તારમાં પણ મચ્છરોના પોરા મળી આવતા નોટીસ આપવામાં આવી હતી જેમાં સિવિલ કેમ્પસમાં પણ દુકાનધારકોને મચ્છરોના પોરા મળી આવતા નોટીસ આપવાની કાર્યવાહી કરવામાં આવી હતી આ ઉપરાંત શહેર આસપાસની કન્સ્ટ્રકશન સાઈટ તેમજ સીટી પ્લસ થિયેટરને પણ નોટીસ આપવાની કામગીરી કરવામાં આવી હતી. સાર્થક લીલા રેસીડન્સી, આસ્થા પ્રાઈડ, બાલાજી અગોરા, સિલિકોન નેસ્ટ, રોયલ રિવંતાને પણ નોટીસ આપવામાં આવી હતી. તંત્રની ટીમ દ્વારા કોર્પોરેશન વિસ્તારમાં સિવિલ હોસ્પિટલ સહીત ૨૦ જેટલી ખાનગી હોસ્પિટલ અને લેબોરેટરીનો પણ સર્વે કરવામાં આવ્યો હતો. જેમાં આશ્કા હોસ્પિટલ , કુડાસણ ખાતે સ્થિત એસ એમ વી એસ હોસ્પિટલને પણ મચ્છરોના ઉત્પત્તિ સ્થાનોને અનુલક્ષી નોટીસ આપવામાં આવી હતી. જયારે ભવિષ્યમાં આ મામલે દંડનીય કાર્યવાહી કરવામાં આવશે તેવી ચેતવણી પણ આ તબક્કે આપવામાં આવી હતી. આ તબક્કે આગામી દિવસોમા રોગચાળો ન ફેલાય તે માટે વિશેષ કાળજી રાખવા જરૂરી પગલા લેવા પણ સતર્કતા દાખવવા જણાંવાયુ હતુ. આરોગ્ય તંત્રની ટીમે સ્થળ તપાસના અંતે જરૂરી જગ્યાએ પોરાનાશક કામગીરી પણ કરી હતી.